GJJN070000572022

આંક :–

| | |
|---|---|
| રજૂ તારીખ :– | ૦૭/૦૧/૨૦૨૨ |
| દાખલ તારીખ :– | ૦૭/૦૧/૨૦૨૨ |
| ફેંસલ તારીખ :– | ૨૨/૦૬/૨૦૨૬ |
| સમયગાળો :– | વર્ષ માસ દિવસ |
| | ૦૪ ૦૫ ૧૫ |

સત્યમેવ જયતે

**–: નમુનો–અ :–**

## જુનાગઢના મહે.ત્રીજા એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ, કેમ્પ એટ માંગરોળ, મુ.માંગરોળ.

**ચુકાદાની તા. ૨૨/૦૬/૨૦૨૬**
**ફોજદારી કેસ નં. ૫૪/૨૦૨૨**

**ગુન્હાની વિગત**

| | |
|---|---|
| ગુન્હાની કલમ | આઈ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ |
| પ્રથમ માહિતી અહેવાલ નં. | ૧૧૨૦૩૦૩૮૨૧૦૦૫૨/૨૦૨૧ |
| પોલીસ સ્ટેશન | માંગરોળ પોલીસ સ્ટેશન. |
| ફરીયાદીપક્ષ | શ્રી સરકાર |
| ફરીયાદ પક્ષ તરફે વિ.વ.શ્રી: | વિ.એ.પી.પી.શ્રી જે.એન.શ્રીમાળી |
| આરોપી પક્ષ | (૧) કાસમભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત,<br>(૨) દાઉદભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત,<br>(૩) યુસુફભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત,<br>(૪) મુસાભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત,<br>(૫) આશીફભાઈ કાસમભાઈ કાલવાત,<br>બધા રહે.માંગરોળ, માંગરોળ શાપુર રોડ, ન્યુ પ્રોગ્રેસ સ્કુલની બાજુમાં, તા.માંગરોળ |
| આરોપી તરફે વિ.વ.શ્રી: | વિ.વ.શ્રી. કે.જે. પરમાર. |

## –: નમુનો–બ :–

| | |
|---|---|
| ગુન્હાની તારીખ | ૨૬/૦૧/૨૦૨૧ |
| પ્રથમ માહિતી અહેવાલની તારીખ | ૨૬/૦૧/૨૦૨૧ |
| ચાર્જશીટની તારીખ | ૦૭/૦૧/૨૦૨૨ |
| તહોમતનામું/પ્લી ફરમાવ્યાની તારીખ | ૨૬/૧૨/૨૦૨૨ |
| પુરાવો શરૂ થયાની તારીખ | ૨૪/૦૭/૨૦૨૪ |
| ચુકાદો મુલ્તવી રાખ્યાની તારીખ | – |
| ચુકાદાની તારીખ | ૨૨/૦૬/૨૦૨૬ |
| સજા હુકમની તારીખ (લાગુ પડે તો) | – |

## –: આરોપીની વિગત :–

| ક્રમ | આરોપીનું નામ | ધરપકડની તારીખ | જામીન મુકત તારીખ | તહોમત | શું નિર્દોષ /દોષ | કરવામાં આવેલ સજા | સુનાવણી દરમ્યાન અટકાયત નો સમયગાળો ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૨૮ મુજબ |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | કાસમભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત | ૩/૦૨/૨૧ | ૩/૦૨/૨૧ | આઈ.પી.સી. કલમ–૩૨૩, ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ કલમ–૧૩૫ મુજબ | નિર્દોષ | –– | –– |
| ૨. | દાઉદભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત | '' | '' | '' | '' | | |
| ૩. | યુસુફભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત | '' | '' | '' | '' | | |
| ૪. | મુસાભાઈ | '' | '' | '' | '' | | |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | ઈસ્માઈલભાઈ કાલવાત | | | | | | |
| પ. | આશીફભાઈ કાસમભાઈ કાલવાત | '' | '' | '' | '' | | |

**-: નમુનો-ક :-**

**:: સાહેદો નુ લીસ્ટ::**

**અ. ફરીયાદ પક્ષ તરફે સાહેદો :**

| ક્રમ | આંક | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|---|
| પી.૧ | ૨૭ | ઈમરાન ઈબ્રાહીમભાઈ કાલવાતની જુબાની | સાહેદ |
| પી.૨ | ૨૯ | શાબીરાબેન ઈમરાન કાલવાતની જુબાની | સાહેદ |
| પી.૩ | ૩૫ | ઈમરાન યુસુફભાઈ ખાદીમની જુબાની | પંચસાહેદ |
| પી.૪ | ૩૭ | સલીમ આમદ ચાંદાની જુબાની | પંચસાહેદ |
| પી.૫ | ૪૦ | યુસુફ અલ્લારખા જાડલાની જુબાની | પંચસાહેદ |

**:: દસ્તાવેજી પુરાવાનું લીસ્ટ ::**

**અ. ફરીયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજો :**

| ક્રમ | આંક | વિગત |
|---|---|---|
| ડી.૧ | ૨૮ | અસલ ફરીયાદ. |
| ડી.૨ | ૩૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| ડી.૩ | ૩૮ | અટક પંચનામું |
| ડી.૪ | ૪૮ | ફરિયાદીનું એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ડી.૫ | ૪૯ | સાહેદ ઈમરાનભાઈનું એમ.એલ.સી. સર્ટીફીકેટ |
| ડી.૬ | ૫૦ | જીલ્લા મેજી.શ્રીનું હથિયારબંધીનું જાહેરનામુ |
| ડી.૭ | ૫૧ | કલોઝીંગ પુરસીસ |

**બ. બચાવ પક્ષ :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| બ.સ.૧ | ......... | ......... |
| બ.સ.૧ | ......... | ......... |

**<u>ક. ન્યાયાલય પક્ષ</u> :**

| અનુ ક્ર. | નામ | પુરાવાનો પ્રકાર |
|---|---|---|
| ન્યા.સ.૧ | ......... | ......... |
| ન્યા.સ.૧ | ......... | ......... |

**<u>ડ. ભૌતિક પદાર્થ</u> :**

| અનુ ક્ર. | ભૌતિક પદાર્થ સંખ્યા | વર્ણન |
|---|---|---|
| ૧. | ભૌ.પ.૧ | ......... |
| ૨. | ભૌ.પ.૨ | ......... |

## **<u>-:: ચુ કા દો ::-</u>**

**(૧) ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત :-** આ કામના આરોપીઓ એ તા.૨૬/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૧૫-૩૦ વાગ્યાનાં અરસામાં માંગરોળ શાપુર રોડ ન્યુ પ્રોગ્રેસ સ્કુલની બાજુમાં રહેતા ફરીયાદી તથા સાહેદ પોતાની ઘરે હાજર હતા તે વખતે ફરીયાદી નાં ઘરની પાછળનાં વાડાની દિવાલ ઉપર આરોપી નં.-૧ તથા આરોપી નં.-૫ નાઓ દિવાલ ઉપર ચડીને પથ્થર પાડતા હોઈ જેથી ફરીયાદીએ દિવાલ પાડવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ જેમફાવે તેમ ગાળો બોલતા, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.-૧ નાએ નાળીયેરીનું ધીસરુ ફરીયાદીનાં જમણા હાથનાં કાંડા ઉપર મારી દીધેલ અને સાહેદ વચ્ચે પડી છોડાવવા જતાં આ કામનાં આરોપી નં.-૨ થી ૪ નાઓ પાછળથી આવી સાહેદને શરીરે ઢીકાપાટુનો મુઢ માર મારી ઈજા પહોંચાડી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મહે.જીલ્લા મેજી.શ્રીનાં હથિયારબંધીનાં

જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ જે બનાવની આ કામના ફરીયાદીએ પોલીસ ફરીયાદ કરેલી.

(૨) **ફરીયાદ અનુસંધાને પોલીસ કાર્યવાહી :–** ફરીયાદીની ફરીયાદ અનુસંધાને આરોપીઓ વિરૂધ્ધ માંગરોળ પોલીસ સ્ટેશન ધ્વારા ગુના રજી.નં.૧૧૨૦૩૦૩૮૨૧૦૦૫૨/૨૦૨૧ થી ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો નોંધી અન્વેષણ કરવામાં આવેલ. પોતાના અન્વેષણ દરમ્યાન તપાસનીશ અધીકારી ધ્વારા સાહેદોના નિવેદનો નોંધી, જરૂરી પંચનામા કરી, આરોપીઓ વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવા પુરતો પુરાવો જણાતા, આરોપીઓ વિરૂધ્ધ ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૧૭૩ મુજબ ચાર્જશીટ કરેલ.

(૩) **ગુનાનું સંજ્ઞાન અને તહોમતનામું :–** આરોપીઓ વિરૂધ્ધ કરવામાં આવેલ ચાર્જશીટ આધારે ફોજદારી કાર્યરીતી સંહીતા,૧૯૭૩ ની કલમ–૧૯૦(બી) મુજબ ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીઓને કોર્ટમાં હાજર રહેવા માટે પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવેલ. જે પ્રોસેસ આરોપીઓને બજી જતા આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થયેલ. આરોપીઓ કોર્ટ સમક્ષ ઉપસ્થીત થતા ફોજદારી કાર્યરીતી સંહીતા, ૧૯૭૩ ની કલમ–૨૦૭ મુજબ પોલીસ તપાસના કાગળો વિના મુલ્યે આપવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ વિરુધ્ધ આંક–૯ થી તહોમતનામુ ફરમાવવામાં આવેલ અને આંક–૧૦ થી ૧૪ સુધી તેઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ છે, જેમા તેઓને ગુનો કબુલ છે કે કેસ આગળ ચલાવવા માંગો છો તેમ પુછતા આરોપીઓએ ગુનો કબુલેલ નહી અને પોતાની વિરૂધ્ધનો કેસ આગળ ચલાવવા માંગતા હોવાનુ જણાવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે પોતાના કેસના સમર્થનમા નમુના 'ક' મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલો છે.

(૫) **આરોપીઓનું વિશેષ નિવેદન :–** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતા આરોપીઓનું ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો આવતો ન હોય તેઓનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

(૬) **દલીલો :–** ત્યારબાદ ફરીયાદપક્ષે વિ. એ.પી.પી. શ્રી જે.એન.શ્રીમાળીની મૌખિક દલીલો સાંભળી તથા બચાવ પક્ષના વિ.વકીલ શ્રી કે.જે.પરમારની મૌખિક દલીલો સાંભળેલ છે.

(૭) ત્યાર બાદ કોર્ટ સમક્ષનો ફરીયાદપક્ષનો કેસ ધ્યાને લઈ નીચે મુજબના મુદ્દા અત્રેની કોર્ટના ન્યાયીક નિર્ણય માટે ઉપસ્થીત થયેલ.

| | મુદ્દા |
|---|---|
| ૧. | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓ એ તા.૨૬/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૧૫–૩૦ વાગ્યાનાં અરસામાં માંગરોળ શાપુર રોડ ન્યુ પ્રોગ્રેસ સ્કુલની બાજુમાં રહેતા ફરીયાદી તથા સાહેદ પોતાની ઘરે હાજર હતા તે વખતે ફરીયાદી નાં ઘરની પાછળનાં વાડાની દિવાલ ઉપર આરોપી નં.–૧ તથા આરોપી નં.–૫ નાઓ દિવાલ ઉપર ચડીને પથ્થર પાડતા હોઈ જેથી ફરીયાદીએ દિવાલ પાડવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ જેમફાવે તેમ ગાળો બોલતા, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.–૧ નાએ નાળીયેરીનું ધીસરુ ફરીયાદીનાં જમણા હાથનાં કાંડા ઉપર મારી દીધેલ અને સાહેદ વચ્ચે પડી છોડાવવા જતાં આ કામનાં આરોપી નં.–૨ થી ૪ નાઓ પાછળથી આવી સાહેદને શરીરે ઢીકાપાટુનો મુઢ માર મારી ઈજા પહોંચાડી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મહે.જીલ્લા મેજી.શ્રીનાં હથિયારબંધીનાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ છે ? |

| | |
|---|---|
| ૨. | શું હુકમ ? |

## (૮) મુદ્દાઓના નિર્ણય

૧. નકારમાં,

૨. આખરી હુકમ મુજબ

## (૯) નિર્ણય માટેના કારણો

**મુદ્દા નં. ૧ :**

**(૯.૧) ફરીયાદપક્ષનો પુરાવો :–** આ કામે રજુ પુરાવો ઘ્યાને લેતાં, આ કામે આરોપીના વકીલશ્રી તરફે આંક–૨૧ નાં દસ્તાવેજી પુરાવા લિસ્ટથી ફરીયાદી ઈબ્રાહીમ ઈસ્માઈલભાઈ કાલવાત મરણ ગયેલ હોય તેમના મરણનો દાખલો રજુ કરેલ છે જે આ કામે માર્ક–૨૧/૧ થી રજુ થયેલ છે. જેથી ફરીયાદીનો પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

**(૯.૨)** આ કામે આરોપી વિરૂઘ્ધનુ તહોમત નિ:શંક પણે પુરવાર કરવાની જવાબદારી ફરીયાદ પક્ષની છે. જે જવાબદારીના વહન માટે ફરીયાદ પક્ષ તરફથી સૌપ્રથમ ફરીયાદ પક્ષે આંક–૨૭ થી સાહેદ ઈમરાન ઈબ્રાહીમ કાલવાતને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, ફરીયાદી ઈબ્રાહીમભાઈ ઈસ્માઈલભાઈ તેમના પિતા થાય છે તેઓ ગુજરી ગયાને ત્રણ વર્ષથી વઘુ સમય થયેલ છે. તેમના પિતાએ હાલની ફરીયાદ આપેલી. બનાવ બન્યાને ચારેક વર્ષ થઈ ગયેલ છે. બનાવ વખતે તેઓ તથા તેમની મમ્મી, તેમનો ભાઈ હારુન, તેમની ઘરવાળી શાબીરા, તેમના ભાભી હલીમા ઘરે હાજર હતા. બનાવ બપોરના ત્રણ સાડાત્રણનાં ગાળામાં શાપુર રોડ પર પારસીનાં બંગલાની બાજુમાં તેમના ઘરે બનેલો. બનાવનાં દિવસે તેમના કાકા નામે દાઉદભાઈ તથા કાસમભાઈ તેમની દિવાલ પાડતા હતા, જેથી તેમના બાપા કહેવા ગયેલ કે શા માટે અમારી દિવાલ પાડો છો. જેથી આ લોકોએ કહેલ કે, તમારાથી થાય તે કરી લેજો તેમ કહી કાસમભાઈ

હાથમાં ધીસરુ (નાળીયેરીના પતા વાળી ડાળી આવે તે) લઈને આવેલ અને તેમના બાપાને હાથ પર મારેલ. તે પછી તેમના બીજા કાકા ઈસુબભાઈ આવેલા અને તેમણે થાંભલી બહાર કાઢી તેમના બાપાને મારવા લાગેલ. તે પછી આશીફભાઈ લાકડી લઈ દોડતો દોડતો આવેલ અને તેમની દિવાલ પર ચઢીને કહેવા લાગેલ કે, અહીં આવો તમને મારવા છે. ત્યારબાદ આ લોકોએ તેમની હદમાં આવી તેમના પિતા સાથે મારામારી કરેલી અને તેઓ અને તેમની ઘરવાળી બચાવવા જતાં તેમની ઘરવાળીને આશીફે ધીસરો મારેલો તે વખતે તેમનો ભાઈ હારુન આવી જતાં તેને પણ આ લોકોએ ગાળો આપેલી. ત્યારબાદ મુસાભાઈ આવીને છોડાવવા લાગેલા. ત્યારબાદ તેમના પિતાને માંગરોળ સરકારી દવાખાને દાખલ કરેલા. તેમની ઘરવાળી શાબીરાને પણ વાગેલ હોય સરકારી દવાખાને સારવાર કરાવેલી. તેમણે પણ સરકારી દવાખાને દવા કરાવેલી. બનાવ બાબતે તેમના પિતાએ ફરીયાદ આપેલ અને તે વખતે તેઓ તેમની સાથે પોલીસ સ્ટેશન ગયેલા. ફરીયાદમાં તેમના પિતાએ અંગુઠાનું નિશાન તેમની હાજરીમાં કરેલુ અને તે નિશાનની નીચે તેમણે સહી કરેલ છે. જે તેમના પિતાના હાથના અંગુઠાનું નિશાન તથા તેમની સહી ઓળખી બતાવી અસલ ફરીયાદ આ કામે આંક–૨૮ થી રજુ કરેલ છે.

સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી નં.–૧ થી ૪ તેમના સગા કાકા અને આરોપી નં.–૫ તેમના સગા કાકાનો દીકરો થાય છે. દિવાલ બાબતની તકરાર છેલ્લા ચાર પાંચ વર્ષથી ચાલે છે. તેમના પિતા જે આ કામનાં ફરીયાદી છે તથા તેમની માતા રાબીયાબેન જે આ કામે સાહેદ છે તે બંને ગુજરી ગયેલ છે. આરોપી નં.–૨ દાઉદભાઈ જે તેમના કાકા થાય છે તેમની સાથે તેમને બોલવા ચાલવાનો વ્યવહાર નથી. આરોપી નં.–૧,૩,૪,૫ સાથે તેમને હાલમાં પણ બોલવા ચાલવાના અને ઘરે આવવા જવાના વ્યવહાર છે. તેમના પિતાના અવસાન વખતે આ કામનાં તમામ આરોપીઓ હાજર રહેલા. આરોપીઓ સાથે તેમને દિવાલ બાબતે તકરાર છે. કહેવાતા બનાવ અંગે માંગરોળ સરકારી દવાખાને આવી પોલીસે ફરીયાદ લીધેલ ત્યારબાદ પોલીસને મળવાનું થયેલ નથી. ધીસરાનો બળતણ તરીકે ઉપયોગ થાય છે.

ત્યારબાદ સદર કામ આગળ ચાલતાં સાહેદોનો પુરાવો રજુ થયા બાદ આંક –૪૨ થી આરોપી તરફે સાક્ષીને રીકોલ કરવા અરજી આપતાં જે અત્રેની અદાલત દવારા તા.૦૮/૦૪/૨૦૨૬ નાં રોજ મંજુર કરવામાં આવતાં પછીની મુદતે સદર સાહેદની વધુ ઉલટતપાસ રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં સદર સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કશું બનેલ નહીં. માણસો ભેગા થતાં ધકા મુકીમાં પડી જવાથી તેમના પિતા તથા તેમના ભાઈને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતા. દવાખાને સારવાર લીધા સીવાય ડોકટર સાથે અન્ય કોઈ વાત ચીત થયેલ નથી. તેમના ઘરવાળાને ગાળો આપેલ નથી. આરોપીઓએ તેમને તથા તેમના પિતાને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પૂછેલ તે સિવાય બીજુ કશું પૂછેલ નથી. પોલીસે તેમને તેમનું નિવેદન વાંચેલ નથી કે વાંચી સંભળાવેલ નથી.

(૯.૩) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૨૯ થી સાહેદ શાબીરાબેન ઈમરાન કાલવાતને તપાસવામાં આવેલા છે. તેઓ કોર્ટ સમક્ષની સોગંદ પરની જુબાનીમાં એવી હકીકત જણાવે છે કે, બનાવ બન્યાને આ ચોથુ વર્ષ ચાલે છે. બનાવ વખતે તેઓ બધા ઘરે હાજર હતા તે વખતે તેમના ઘરની પાછળનાં ભાગે અવાજ આવતાં તેઓ ત્યાં પહોંચેલા. બનાવમાં આરોપીઓ દિવાલ પાડવા ઉતરેલા હતા જે બાબતે ઝઘડો થયેલો જેમાં તેમના સસરાને ધીસરુ ખભામાં અને જમણા હાથે મારેલું, તેમને પણ જમણા હાથે કોણી પાસે અને જમણા પગે ધીસરુ મારેલું. તેમના જેઠ હારુનભાઈને પણ સામાન્ય વાગેલું. આ બનાવમાં તેમને તથા તેમના સસરા ઈબ્રાહીમભાઈને વધારે ઈજા થયેલ હોય તેઓએ માંગરોળ સરકારી દવાખાને સારવાર કરાવેલી. આ બનાવમાં કાસમભાઈ, ઈસુબભાઈ, દાઉદભાઈ, આશીફ, મુસાભાઈ વગેરેનાઓએ તકરાર કરેલી જેમાં તેમને ઈજા થયેલી. તેમના સસરાને કાસમભાઈ અને દાઉદભાઈએ મારેલો. તેમને કોણે મારેલુ તે આટલા બધા માણસોમાં તેમને ખબર પડેલ

નહીં. બનાવ બાબતે તેમના સસરાએ ફરીયાદ આપેલી. આરોપીઓને જોયેથી ઓળખી શકે.

સદર સાહેદ બચાવ પક્ષની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરે છે કે, આરોપી નં.–૧ થી ૪ તેમના કાકા સસરા અને આરોપી નં.–૫ તેમના કાકા સસરાનો દીકરો થાય છે. કહેવાતો બનાવ બન્યો તે વખતે રાડારાડી થતાં ઘણા માણસો ભેગા થઈ ગયેલા. આજુબાજુમાં તેમની જ્ઞાતિનાં ઘણા બધા માણસો હે છે. તેમના કાકા સસરા દાઉદભાઈ સિવાય અન્ય કાકા સસરા આરોપી નં.–૧,૩,૪ તથા કાકા સસરાનાં દીકરા આરોપી નં. –૫ સાથે તેમને હાલમાં પણ બોલવા ચાલવાના તથા ઘરે આવજા કરવાના વ્યવહાર છે. તેમના કાકા સસરા દાઉદભાઈ અને કાસમભાઈએ તેમના સસરા ઈબ્રાહીમભાઈને માર મારેલ તેવી ચોકકસ નામજોગ હકીકત તેમના પોલીસ નિવેદનમાં લખાવેલ નથી.

ત્યારબાદ સદર કામ આગળ ચાલતાં સાહેદોનો પુરાવો રજુ થયા બાદ આંક –૪૨ થી આરોપી તરફે સાક્ષીને રીકોલ કરવા અરજી આપતાં જે અત્રેની અદાલત દવારા તા.૦૮/૦૪/૨૦૨૬ નાં રોજ મંજુર કરવામાં આવતાં પછીની મુદતે સદર સાહેદની વધુ ઉલટતપાસ રેકર્ડ કરવામાં આવેલ છે. જેમાં સદર સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કશું બનેલ નહીં. માણસો ભેગા થતાં ધકામુકીમાં પડી જવાથી તેમના સસરા તથા તેમના જેઠને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતા. આરોપીઓએ તેમને કોઈ ગાળો આપેલ નથી. આરોપીઓએ તેમના પતિ તથા તેમના સસરાને જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. પોલીસે ફકત તેમનુ નામ સરનામુ પૂછેલ તે સિવાય બીજુ કશું પૂછેલ નથી. પોલીસે તેમને તેમનું નિવેદન વાંચેલ નથી કે તેમને વાંચી સંભળાવેલ નથી.

(૯.૪) ફરીયાદપક્ષ દ્વારા આંક–૩૫ થી પંચસાહેદ ઈમરાન યુસુફભાઈ ખાદીમને તથા આંક–૪૦ થી પંચસાહેદ યુસુફ અલ્લારખા જાડલાને તપાસવામાં આવેલા છે. તેઓ

તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૬ થી રજુ ગુનાવાળી જગ્યાનાં પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદો પંચનામાની હકીકતને લેશમાત્ર સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને પરવાનગીથી ફરી ગયેલ પંચસાહેદો જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર પંચસાહેદો બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસમા સ્વીકારે છે કે, પંચનામામાં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી.

(૯.૫) ફરીયાદપક્ષ ધ્વારા આંક–૩૭ થી પંચસાહેદ સલીમ આમદ ચાંદાને તપાસવામાં આવેલા છે. તેઓ તેમની સોગંદ ઉપરની જુબાનીમાં આંક–૩૭ થી રજુ થયેલ આરોપીઓના અટક પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે.

સદર પંચસાહેદ પંચનામાની હકીકતને સમર્થન કરતા ન હોય વિ.એ.પી.પી.શ્રી ધ્વારા તેઓને પરવાનગીથી ફરી ગયેલ પંચસાહેદ જાહેર કરી વિગતવાર ઉલટતપાસ કરવા છતાં પંચનામાની હકીકતને સમર્થન કરેલ નથી.

સદર પંચસાહેદ બચાવપક્ષના વિ.વ.શ્રીની ઉલટતપાસમા સ્વીકારે છે કે, પંચનામામાં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી.

**<u>પુરાવાનું મુલ્યાંકન:–</u>**

(૧૦) આ કામે ફરીયાદી ઈબ્રાહીમભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત મરણ ગયેલ હોય તેમના મરણનો દાખલો આ કામે માર્ક–૨૧/૧ થી રજુ થયેલ છે. જેથી તેઓનો પુરાવો રેકર્ડ પર આવેલ શકેલ નથી.

(૧૧) ફરીયાદ પક્ષનો સંપુર્ણ પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામે તપાસવામાં આવેલા બંને સાહેદોનો પુરાવો ધ્યાને લેતાં, આંક–૨૭ નાં સાહેદની જુબાનીથી આંક–૨૮ થી રજુ ફરીયાદ હકીકતને ધ્યાને લેતાં તેમાં કરેલ આક્ષેપોથી અંશત:સમર્થન પ્રાપ્ત થાય છે. જયારે આંક–૨૯ નાં સાહેદની જુબાનીથી બનાવની હકીકતને સમર્થન પ્રાપ્ત થાય છે, પરંતુ ત્યારબાદ આરોપી તરફે આંક–૪૨ થી રજુ સાહેદોને રીકોલ કરવા અંગે અરજી આપતાં જે અત્રેની અદાલત દવારા મંજુર કરતાં બંને સાહેદોની ઉલટતપાસ કરવામાં આવતાં આંક–૨૭ નાં સાહેદે એ હકીકત સ્વીકારેલ છે કે, બનાવવાળો વિસ્તાર રહેણાંક વિસ્તાર છે અને સતત માણસોની અવરજવર ચાલુ રહે છે. બનાવ વખતે સામાન્ય બોલાચાલી થયેલી બીજુ કશું બનેલ નહીં. માણસો ભેગા થતાં ધકામુકીમાં પડી જવાથી તેમના પિતા તથા તેમના ભાઈને ઈજા થયેલ. બનાવ વખતે આરોપીઓના હાથમાં કોઈ હથિયાર ન હતા. તેમના ઘરવાળાને ગાળો આપેલ નથી. આરોપીઓએ તેમને તથા તેમના પિતાને જાનથી મારી નાં ખવાની ધમકી આપેલ નથી. પોલીસે ફકત મારુ નામ સરનામુ પૂછેલ તે સિવાય બીજુ કશું પૂછેલ નથી. પોલીસે તેમને તેમનું નિવેદન વાંચેલ નથી કે વાંચી સંભળાવેલ નથી. તે જ રીતે આંક–૨૯ નાં સાહેદે પણ સદર હકીકત તેમની વધુ ઉલટતપાસમાં સ્વીકારેલ છે. વધુમાં કેસનુ રેકર્ડ વંચાણે લેતા, બંને પક્ષકારો એક જ કુટુંબનાં સભ્યો હોય અને બંને વચ્ચે દિવાલ બાબતે તકરાર ચાલતી હોવાનું જણાઈ આવે છે અને આંક–૫૧ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે. જે વંચાણે લેતાં આ કામે ઘરમેળે તેમને તકરારનું નિવારણ થઈ ગયેલ હોય વિશેષ પુરાવો આપવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે. જેથી એ હકીકત પ્રથમ દર્શનીય રીતે સ્પષ્ટ થાય છે કે, ઘરમેળે તકરારનું નિવારણ થઈ જવાના કારણે સાહેદો અગાઉ આપેલ સરતપાસ તથા ઉલટતપાસથી વધુ ઉલટતપાસમાં વિરોધાભાસી હકીકત જણાવે છે તથા આ કામે રજુ ફરીયાદને સમર્થન કરતાં નથી. જેથી સદર સાહેદોની જુબાની ઉપર સંપૂર્ણ આધાર રાખી શકાય તેમ નથી.

(૧૨) વધુમાં આ કામે આંક–૩૫ તથા આંક–૪૦ નાં પંચ સાહેદોએ તેમના મૌખીક પુરાવામા આંક–૩૬ ના ગુનાવાળી જગ્યાનાં પંચનામાને તથા આંક–૩૭ ના પંચસાહેદે

તેમના મૌખીક પુરાવામા આંક–૩૮ ના અટક પંચનામાને સમર્થન કરેલ નથી અને વિમુખ સાહેદો તરીકે જાહેર થયેલા છે અને તેમની ઉલટતપાસ ધ્યાને લેતા તેઓ પંચનામામાં સહી સિવાય બીજુ કાંઈ જાણતા નથી તેમ જણાય આવેલ હોય આ પંચ સાહેદોના પુરાવાના આધારે ઉપરોકત બંને પંચનામા પણ નિ:શંકપણે પુરવાર થતા નથી.

(૧૩) વધુમાં, આરોપીઓએ ફરીયાદીને જાહેર જગ્યા પર કોઈ ગાળો આપેલ હોય તો તે કેવા પ્રકારની ગાળો આપેલ, તેના શબ્દો શું હતા તે સંબંધે કોઈ જ પુરાવો સાહેદોએ આપેલ નથી. તે જોતા, સાહેદોનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સાહેદ ઈમરાનભાઈ તથા શાબીરાબેનના પુરાવા પરથી હાલના આરોપી સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, ત્યારે આરોપી સામેનો ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપીઓ વિરૂધ્ધ ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૪ ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

(૧૪) વધુમાં, આરોપીએ કેવા પ્રકારની ધમકી આપેલ, તેના શબ્દો શું હતા તેમજ તે ધમકી આપ્યા બાદ ફરીયાદી તથા સાહેદો સતત ભયના ઓથાર હેઠળ રહેલ હોય તે સંબંધે કોઈ જ પુરાવો આપેલ નથી. તે જોતા, સાહેદ ઈમરાનભાઈ તથા શાબીરાબેનનો પુરાવો વિરોધાભાસી હોય, તેના પર આધાર રાખી શકાય નહીં. જયારે આરોપી સામે જાનથી મારી નાંખવાની ધમકી આપ્યા સંબંધેનો આક્ષેપ છે તે બાબતે જોતા, હાલનો બનાવ બન્યા બાદ આવી ધમકી સંબંધે ફરીયાદી તથા સાહેદ સતત ભયના ઓથાર હેઠળ રહયા હોય કે તેઓ રોજબરોજની કામગીરી કે ફરજ બજાવી શકયા ન હોય તે સંદર્ભે કોઈ હકારાત્મક પુરાવો આવેલ નથી. વધુમાં **૨૦૦૨(૧) જી.એલ.એચ.જે. પાના નં.૪ મનસુરખાન યાસીમખાન પઠાણ અને બીજાઓ વિ. સ્ટેટ ઓફ ગુજરાત**ના ચુકાદામાં નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પ્રસ્થાપિત કરવામા આવેલ છે કે, ફરીયાદીને અપાયેલ ધમકીના કારણે ફરીયાદીના મનમાં

ભયની ઘંટી બજતી હોય તેવુ લાગવુ જોઈએ અને તેવી ધમકી આપ્યાના કારણે ફરીયાદી પોતાની ફરીયાદ નોંધાવ્યા પછી કોઈપણ સમયે પોતાની ફરજ અદા કરવા માટે રોજબરોજની કામગીરી કરવા શકિતમાન ન હતા તે હકીકત પુરવાર થવી જોઈએ અને ચોકકસ કયા શબ્દોમાં ધમકી આપેલ તે શબ્દો પણ મહત્વના છે. હાલના કેસમાં ઉપરોકત ચર્ચા કર્યા મુજબ સાહેદ ઈમરાનભાઈ તથા શાબીરાબેનના પુરાવા પરથી હાલના આરોપી સંદર્ભે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવતી નથી, ત્યારે આરોપી સામેનો ભારતીય દંડ સંહીતાની કલમ–૫૦૬(૨) મુજબનો ગુન્હો પણ પુરવાર માની શકાય નહીં. આમ આરોપી વિરૂઘ્ઘ ભારતીય ન્યાય સંહીતાની કલમ–૫૦૬(૨) ના તત્વો પુરવાર થતા ન હોય, તે મુજબનો ગુન્હો પણ પુરવાર થતો નથી.

**(૧૫)** સદર કામે આંક–૪૮ થી ફરીયાદીનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ, આંક–૪૯ થી સાહેદ ઈમરાનભાઈનુ એમ.એલ.સી. સર્ટીફીકેટ, આંક–૫૦ થી જાહેરનામાંને બચાવ પક્ષની કબુલાતથી આંકે આપવામાં આવેલ છે, જેને ઘ્યાને લેતા ફરીયાદી તથા સાહેદ ઈમરાનભાઈ ને ઈજા થયેલ હોવાનુ અને બનાવ વખતે મ્હે.અધિક જીલ્લા મેજી.શ્રીનુ જાહેરનામુ અમલમાં હોવાનુ પુરવાર થાય છે, પરંતુ ફરીયાદી કે સાહેદ ઈમરાનભાઈને આ કામના આરોપીએ ઈજા કરી આક્ષેપીત ગુનો કરેલ હોવાનુ પુરવાર થતુ નથી.

**(૧૬)** ત્યારબાદ ફરિયાદપક્ષ તરફે આંક–૫૧ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી વધુ પુરાવો આપવો નથી તેવું જાહેર કરતાં, વિશેષ સાહેદોને તપાસવામાં આવેલ નથી. વધુમાં **૧૯૯૬(૯) એસ.સી.સી. ૭૬૬, સતીષ મેહરા વિ. દીલ્હી એડમીનીસ્ટ્રેશન અને બીજાઓ**ના કેસમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે ''જયારે જજને ચોકકસ પણે એમ લાગે કે કેસના સંજોગોને ઘ્યાને લેતા કેસનો અંત સજામાં પરીણામશે નહી, ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીજર પુરી કરવા માટે વેડફવો નહી'' તે સિઘ્ઘાંત ઘ્યાને લેતા તેમજ બાકીના સાહેદોને ફરીયાદપક્ષ તપાસવા માંગતા નથી તે હકીકત ઘ્યાને લેતા વધારાના

અન્ય સાહેદોને તપાસવાથી પણ હાલના કેસના ન્યાયીક નિર્ણયમાં કોઈ મદદરૂપ થાય તેમ ન હોય કે ન્યાયીક નિર્ણયમાં કોઈ ફેર પડે તેમ જણાતું ન હોય તેથી ભારતીય સાક્ષ્ય અધિનિયમ, ૨૦૨૩ ની કલમ–૧૩૯ ની જોગવાઈ તથા ફરીયાદપક્ષે આંક–૫૧ થી રજુ કરેલ પુરાવો બંધ કરવાની પુરસીસ ધ્યાને લેતાં, હાલના કામે વધારાના સાહેદ તપાસવામાં આવેલ નથી.

(૧૭) આમ ફરીયાદપક્ષે રજુ સમગ્ર પુરાવાઓનું એકી સાથે મુલ્યાંકન કરવામાં આવે તો ફરીયાદ પક્ષે તપાસેલ સાહેદ ઈમરાનભાઈ તથા સાહેદ શાબીરાબેનના પુરાવાથી ફરીયાદમાં જણાવેલ તત્વો પુરવાર થતા નથી અને ફરીયાદની કોઈ હકીકત વાજબી શંકા રહિત રીતે ફલિત થતી નથી. જેથી ફરીયાદ પક્ષે રજૂ થયેલ પુરાવાથી આરોપીઓ ને ગુન્હામાં સાંકળતો કોઈ પુરાવો રેકર્ડ ઉપર રજુ થતો ન હોય અને આરોપીઓ સામે આક્ષેપવામાં આવેલ ગુન્હાના તત્વો ફલિત થતા ન હોય, જેથી ઉપરોકત રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા, આ કામના આરોપીઓએ તા.૨૬/૦૧/૨૦૨૧ નાં રોજ કલાક ૧૫–૩૦ વાગ્યાનાં અરસામાં માંગરોળ શાપુર રોડ ન્યુ પ્રોગ્રેસ સ્કુલની બાજુમાં રહેતા ફરીયાદી તથા સાહેદ પોતાની ઘરે હાજર હતા તે વખતે ફરીયાદી નાં ઘરની પાછળનાં વાડાની દિવાલ ઉપર આરોપી નં.–૧ તથા આરોપી નં. –૫ નાઓ દિવાલ ઉપર ચડીને પથ્થર પાડતા હોઈ જેથી ફરીયાદીએ દિવાલ પાડવાની ના પાડતા આરોપીએ ઉશ્કેરાઈ જઈ જેમફાવે તેમ ગાળો બોલતા, ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપી નં.–૧ નાએ નાળીયેરીનું ધીસરુ ફરીયાદીનાં જમણા હાથનાં કાંડા ઉપર મારી દીધેલ અને સાહેદ વચ્ચે પડી છોડાવવા જતાં આ કામનાં આરોપી નં.–૨ થી ૪ નાઓ પાછળથી આવી સાહેદને શરીરે ઢીકાપાટુનો મુઢ માર મારી ઈજા પહોંચાડી અને જાનથી મારી નાંખવાની ધમકી આપી, એકબીજાને મદદગારી કરી, મહે.જીલ્લા મેજી.શ્રીનાં હથિયારબંધી નાં જાહેરનામાનો ભંગ કરી ભારતીય દંડ સંહીતા, ૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ અન્વયેના આક્ષેપ મુજબનો ગુન્હો કરેલ હોવાનો

કેસ સાબીત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, જેથી **મુદ્દા નં. ૧** નો નિર્ણય ''**નકારમાં**'' આપી, **મુદ્દા નં. ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧) ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૨૪૮(૧) અન્વયે આ કામના આરોપી (૧) કાસમભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત, (૨) દાઉદભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત, (૩) યુસુફભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત, (૪) મુસાભાઈ ઈસ્માઈલભાઈ કાલવાત, (૫) આશીફભાઈ કાસમભાઈ કાલવાત, બધા રહે.માંગરોળ, માંગરોળ શાપુર રોડ, ન્યુ પ્રોગ્રેસ સ્કુલની બાજુમાં, તા.માંગરોળનાઓને તેમની વિરૂઘ્ધના ભારતીય દંડ સંહીતા,૧૮૬૦ ની કલમ–૩૨૩, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

(૨) પ્રત્યેક આરોપીએ ફોજદારી કાર્યરીતી સંહીતાની કલમ–૪૩૭(એ) મુજબ અપીલ સમય સુધીના રૂ.૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના જામીન આપવા.

(૩) આ કામે મુદ્દામાલ પાવતીમાં દર્શાવ્યા મુજબના મુદ્દામાલનો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ **તારીખ : ૨૨ મી, માહે: જુન, સને : ૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી જાહેર કર્યો.

સ્થળ : માંગરોળ.
તારીખ : ૨૨/૦૬/૨૦૨૬.

**(એફ.એફ.બારડોલીવાલા)**
ત્રીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
જૂનાગઢ, કેમ્પ એટ માંગરોળ
**(GJ-01286)**